# યહૂદાનો પત્ર

દેવનું નિમંત્રણ પામેલા જે કોઈ ઈસુ ખ્રિસ્તની સુરક્ષા
માટે રાખવામાં આવ્યા હોય તે સર્વ વિશ્વાસીઓ અને તેડવામાં
આવેલાઓ જોગ લખિતંગ, ઈસુ ખ્રિસ્તનો સેવક. યાકૂબનો
ભાઈ યહૂદા.
2તમારા પર દયા, શાંતિ તથા પ્રેમ પુષ્કળ થાઓ.

### ખોટું કરનારા લોકોને દેવ શિક્ષા કરશે

3વહાલા મિત્રો, હું આપણા તારણ વિષે તમારા પર લખવા
માટે ઘણો આતુર હતો. પરંતુ બીજું કશુંક તમને લખવાની
મને જરુર લાગી: દેવે તેના સંતોને વિશ્વાસ આપ્યો છે તે
માટે તથા તે વિશ્વાસ ચાલુ રાખવા સખત સંઘર્ષ કરવા
પ્રોત્સાહિત કરવાની મારી ઈચ્છા છે. દેવે આ વિશ્વાસ એક
વખત આપ્યો છે, તે બધા સમય માટે સારો છે. 4કેટલાએક
લોકો ગુપ્ત રીતે તમારા સમૂહમાં પ્રવેશ્યા છે. તેઓ જે કામ
કરી રહ્યા છે તે માટે તે લોકોનો ન્યાય હમણા જ થયો છે ને
તેઓને દોષિત ઠરાવેલ છે. ઘણા લાંબા સમય પહેલાં
પ્રબોધકોએ આ લોકો વિષે લખ્યું હતું. આ લોકો દેવની
વિરૂદ્ધ છે. તેઓએ આપણા દેવની કૃપાનો ઉપયોગ ખોટી
રીતે પાપ કરવા માટે કર્યો છે. આ લોકો ઈસુ ખ્રિસ્તને,
આપણો એકલો સ્વામી અને પ્રભુ તરીકે સ્વીકારવા ના પાડે
છે. 5મારી તમને મદદ કરવાની ઈચ્છા છે. કેટલીક બાબતો
યાદ રાખો જે તમે બધીજ રીતે જાણો છો: યાદ રાખો પ્રભુએ
તેના લોકોને ઈજીપ્તની (મિસરની) ભૂમિમાંથી બહાર લાવીને
તેઓનો બચાવ કર્યો. પરંતુ પાછળથી પ્રભુએ જે લોકો
અવિશ્વાસીઓ હતા, તે બધાનો નાશ કર્યો. 6અને દૂતોને
પણ યાદ રાખો જેઓની પાસે અધિકાર હતો પણ તેઓએ તે
રાખ્યો નહિ. તેઓએ તેઓનાં પોતાનાં રહેવાનાં સ્થાન છોડ્યાં.
તેથી પ્રભુએ આ દૂતોને અંધકારમાં રાખ્યા છે. તેઓને સનાતન
બંધનની સાંકળે બાંધ્યા. તેણે તેઓને મોટા દિવસના
ન્યાયીકરણ સુધી રાખ્યા છે. 7સદોમ અને ગમોરા અને તેઓની
આજુબાજુનાં બીજા શહેરોને પણ યાદ રાખો. તેઓ પણ
પેલા દૂતો જેવાં જ છે. આ શહેરો એ જ રીતે વ્યભિચારમાં
અને અનુચિત દુરાચારમાં ગરક થઈને નિરંતર અગ્નિદંડની
શિક્ષા સહન કરે છે. તેઓની શિક્ષા આપણા માટે ઉદાહરણરુપ
છે. 8એ લોકો સાથે બન્યું છે એ જ રીતે તમારા સમૂહમાં
પ્રવેશ્યા છે તેઓ સ્વપ્નોથી દોરાયા છે. તેઓ પાપ વડે તેઓની
જાતને ગંદી બનાવી રહ્યા છે. તેઓ દેવના નિયમની અવગણના
કરે છે. અધિકાર અને દૂતોના ગૌરવની નિંદા કરે છે. 9પ્રમુખ
દૂત મિખાયેલે જ્યારે શેતાનની સાથે મૂસાના શબ વિષે તકરાર
કરીને વિવાદ કર્યો, ત્યારે તેણે નિંદા કરીને તહોમત મૂકવાની
હિંમત કરી નહિ, પણ મિખાયેલે કહ્યું કે; "પ્રભુ તને શિક્ષા
કરે." 10પરંતુ આ લોકો જે વિષે સમજતા નથી તેની ટીકા કરે
છે. તેઓ કેટલીક બાબતો સમજ્યા. પણ તેઓ આ વિષે
વિચાર કરીને સમજ્યા નહોતા, પરંતુ લાગણીથી, જે રીતે
મૂંગા પ્રાણીઓ વસ્તુઓ સમજે તેમ સમજ્યા હતા. અને આ
બાબતો જ તેઓને તેઓના વિનાશ તરફ દોરી જાય છે.
11તેઓને અફસોસ! આ લોકો કાઈન જે માર્ગે ગયો તેને
અનુસર્યા. પૈસા બનાવવાની ઈચ્છાથી તેઓ પોતે બલામ જે
ખોટા માર્ગે ગયો તેની પાછળ ગયા. કોરાહની જેમ આ લોકો
દેવની વિરૂદ્ધમાં લડ્યા છે. અને કોરાહની માફક જ, તેઓનો
નાશ થશે. 12આ લોકો તમે જે વિશિષ્ટ ભોજનમાં સાથે
સહભાગી બનો છો તેમાં ગંદા ડાઘ જેવા છે. તેઓ ભય
વિના તમારી સાથે ખાય છે. તેઓ ફક્ત પોતાની જાતની જ
સંભાળ રાખે છે. તેઓ વરસાદ વિનાનાં વાદળાં છે. પવન
તેઓને આજુબાજુ ઘસડે છે. તેઓ ફળ વિનાનાં વૃક્ષો જેવાં
છે જ્યારે ફળનો સમય આવે ત્યારે તેઓને ફળ આવતાં નથી
તેથી જમીનમાંથી ઉખેડી કાઢવામાં આવે છે. તેથી તેઓ બે
વખત મરણ પામે છે. 13તેઓ સમુદ્રમાં આવતાં જંગલી
મોજાં જેવા છે. મોજાઓ ફીણ બનાવે છે. આ લોકો, મોજાંઓ
જેમ ફીણ બનાવે છે તેમ આ લોકો શરમજનક કાર્યો કરે છે.
આ લોકો તારાઓ જેવા છે જે ભટકનારા છે. આવા લોકો
માટે ઘોર અંધકાર સર્વકાળ માટે રાખવામાં આવેલો છે.
14આદમથી સાતમા પુરુષ હનોખે આ લોકો વિષે
ભવિષ્યકથન કર્યુ છે કે: "જુઓ, પ્રભુ હજારોની સંખ્યામાં
તેના પવિત્ર દૂતો સાથે આવે છે.
15પ્રભુ પ્રત્યેક વ્યક્તિનો ન્યાય કરશે. પ્રભુ બધા લોકોનો
ન્યાય કરવા અને જે લોકો દેવની વિરૂદ્ધ છે તેઓને શિક્ષા
કરવા આવે છે. તે આ લોકોને દેવની વિરૂદ્ધ તેઓએ કરેલાં
દુષ્ટ કાર્યો માટે શિક્ષા કરશે. અને દેવ આ પાપીઓ જે દેવની
વિરૂદ્ધ છે તેઓને શિક્ષા કરશે. તે તેઓને તેમણે દેવની વિરૂદ્ધ
કહેલાં બધાં સખત ટીકાત્મક વચનો માટે શિક્ષા કરશે."
16આ લોકો હંમેશા બીજા લોકોમાં ભૂલો શોધે છે અને ફરિયાદ
કરે છે. તેઓ હંમેશા તેઓની ઈચ્છા મુજબ દુષ્ટ કૃત્યો કરે
છે. તેઓ પોતાની જાત વિશે દંભ કરે છે. તેઓ ફક્ત પોતાની
ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત કરવા, સ્વાર્થ સાધવા માટે બીજા લોકો
માટે સારું બોલે છે.

## ચેતવણી અને કરવાનાં કાર્યો

17પ્રિય મિત્રો, પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેરિતોએ પહેલા શું
કહ્યું છે તે યાદ કરો. 18પ્રેરિતોએ તમને કહ્યું છે, "અંત
સમયે દેવના વિશે મશ્કરી કરનારા લોકો ત્યાં હશે." આ
લોકો ફક્ત તેઓની ઈચ્છા મુજબ કરવાનાં કાર્યો જે દેવની
વિરૂદ્ધ છે તે જ કરે છે. 19આ લોકો જ તમારામાં ભાગલા
પાડે છે. આ લોકો પોતાની પાપી સ્વાર્થી અધર્મી ઉત્કંઠા
પ્રમાણે જ ફક્ત કાર્યો કરે છે. તે લોકોમાં આત્મા નથી.
20પણ પ્રિય મિત્રો, તમે તમારું જીવન પવિત્ર વિશ્વાસના
પાયા પર વધારે દઢ બનાવો અને પવિત્ર આત્મા વડે પ્રાર્થના
કરો. 21તમારી જાતને દેવના પ્રેમમાં રાખો. આપણા પ્રભુ
ઈસુ ખ્રિસ્તની દયા વડે તમને જે અનંતજીવન પ્રાપ્ત
થવાનું છે તેની રાહ જુઓ.
22જેઓને શંકા છે તે લોકોને મદદ કરો. 23તમારે કેટલાએક
લોકોને બચાવવાની જરૂર છે. તમે તેઓને અગ્નિમાંથી ખેંચી
કાઢીને બચાવશો. પણ જ્યારે તમે બીજા લોકો જે પાપીઓ છે
તેઓને મદદ કરવા ઈચ્છો છો ત્યારે સાવધ રહો. તેમનાં
વસ્ત્રો જે પાપથી ગંદા થયેલાં છે તેને પણ ધિક્કારો.

## દેવની સ્તુતિ થાઓ

24તમને ઠોકર ખાતાં બચાવીને ભરપૂર આનંદના ગૌરવ
સહિત પોતાના મહિમાવંત સાન્નિધ્યમાં નિર્દોષ રજૂ કરવા
તે (દેવ) સમર્થ છે. 25તે જ ફક્ત દેવ છે. તે જ એક જે
આપણો ઉદ્ધાર કરે છે. તેને મહિમા, ગૌરવ, પરાક્રમ તથા
અધિકાર, અનાદિકાળથી હમણા તથા સર્વકાળ આપણા
પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા હોજો. આમીન.